

# ભગવી સુરખાબ (Ready Shel Duck)

આપણે ત્યાં પાણીકાંઠાનાં ક્ષેત્રોમાં પાર વિનાની બતકો જોવા મળે છે. જુદીજુદી જાતની બતકો આપણાં તળાવો, સરોવરો કે નદીના કાંઠે ઉપલબ્ધ છે. પરંતુ આપણે બધી જ બતકોને માત્ર એકસરખાં નામે ઓળખતાં હોઈએ છીએ. 'ડૂબકી બતક', 'ગિરજા બતક', 'નાની સિસોટી બતક', 'ટિલિયાળી બતક', 'ભગતડું', 'નકટો', 'ગયણો', 'ભગવી સુરખાબ', 'ચેતવા', 'પિયાસણ' વગેરે પંખીઓને આપણે ફક્ત 'બતક' એવાં નામે જ જાણીએ છીએ. આ અને આના સિવાય બીજાં ઘણાં પાણી કાંઠાના પંખીઓ આપણે ત્યાં સર્વવ્યાપક છે. આ બધાંમાં રંગ અને કદની દૃષ્ટિએ 'ભગવી સુરખાબ' સાવ જુદી તરી આવે છે.

**ભગવી સુરખાબનું મૂળ વતન તો છે ઉત્તર ભારત અને ચીન-તિબેટનો વિસ્તાર. પણ એ શિયાળાની ઋતુમાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં નાનાં-મોટાં તળાવડાંમાં જોવા મળી જાય છે**

ભગવી સુરખાબનું મૂળ વતન તો છે ઉત્તર ભારત અને ચીન-તિબેટનો વિસ્તાર. પણ એ શિયાળાની ઋતુમાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં નાનાં-મોટાં તળાવડાંમાં જોવા મળી જાય છે. ઓક્ટોબર મહિનો શરૂ થતાં જ ભગવી સુરખાબનું આપણે ત્યાં આગમન થવા લાગે છે.

ભગવી સુરખાબનું બીજું નામ ચક્રવાક પણ છે. ચકવા-ચકવીની એક દંતકથા છે, જેમાં બંને રાતે મળી શકતાં નથી. એક કણિકામાં કહેવાયું છે :

ચકવી બેઠી રોય;
સાંજ પડે દિન આથમે,
ચકવા ચાલ જમેં જિહાં,
સાંજ ન પડતી હોય.

આ ચકવા-ચકવી એટલે ભગવી સુરખાબની જોડી. પણ એ તો દંતકથાની વાતો છે, કોઈ સાચી ઘટના નથી.

ભગવી સુરખાબનું બીજું એક નામ બ્રાહ્મણી બતક પણ છે. તેનું કદ સામાન્ય બતકો કરતાં



મોટું અને હંસ કરતાં નાનું છે. તે નારંગી લાલ રંગની બતક છે. નરની ડોકે કાળો કાંઠલો છે. માદાની પીઠનો રંગ નરની પીઠ કરતાં વધારે ઘેરો છે. ચાંચના મૂળથી આંખ સુધી ભગવાને બદલે ધોળો રંગ છે. પાંખોની વચ્ચેથી બહાર નીકળીતા પૂંછડીના છેવાડાના પીંછા કાળા છે. પાંખોના છેડે અંદર છુપાયેલો લીલો રંગ તેની ઉડાન વખતે જોઈ શકાય છે. ચાંચ અને પગ કાળા રંગનાં છે. પગનાં આંગળાં વચ્ચે ચામડી જોડાયેલી છે, જેથી એ તરી શકે છે. જોકે બધી જ બતકોના પગની ચામડી જોડાયેલી હોય છે.

**પંખીલોક**
★ પ્રવીણ સરવૈયા

તે પાણીમાંની જીવાત, માછલી, કરચલા વગેરે ખાય છે તેમ જ સાપોલિયાં અને કાચીંડા પણ તેને ભાવે છે. નદી-તળાવોના કાંઠે આવેલાં ખેતરોમાં તે ચારો ચરે છે. એમ પણ કહેવાય છે કે તે ગીધની જેમ મરેલાં પશુનું માંસ ખાય છે.

ભગવી સુરખાબ પાણીમાં તરતી હોય ત્યારે




ડોક બે ખભા વચ્ચે સંકેલીને તરે છે. તેના ભગવા રંગ અને મોટા કદથી અન્ય બતકોની વચ્ચે તરત જુદી જ દેખાઈ આવે છે. ભગવી સુરખાબ આપણે ત્યાં પ્રજનન કરતી નથી. ઉત્તરના વિસ્તારમાં તે ઉનાળાની ઋતુમાં માળા બનાવે છે. માળા સામાન્ય રીતે પાણીકાંઠે બખોલમાં કે મોટા ઝાડના કુદરતી પોલાણમાં કરે છે. માળામાં નરમ પીંછાંનો જાડો થર કરે. માદા તેમાં છથી દસની સંખ્યામાં ધોળાં ઈંડાં મૂકે છે ભગવી સુરખાબ બતકોના ટોળામાં અલગ તરી આવતી, સુંદર અને જોવા જેવી બતક છે. પાણીકાંઠે ક્યારેક બતકો નજરે ચડે તો તેમાંથી શોધજો ભગવી સુરખાબને.

# દુનિયાથી 60 હજાર વર્ષ પાછળ છે આ જનજાતિ

આફ્રિકન ખંડમાં અસંખ્ય જાતિઓ વસે છે, પરંતુ તાંઝાનિયાના ઉત્તરીય ઉચ્ચપ્રદેશ પર આવેલી હાડઝા આદિજાતિ અનોખી છે. આ લોકો 60,000 વર્ષ જૂની જીવનશૈલી જીવે છે, જ્યાં મોબાઇલ ફોન, રેડિયો અથવા વીજળી જેવી આધુનિક સુવિધાઓ એક સપના જેવું છે. આ 1,500 સભ્યોના શિકારી-સંગ્રહી સમુદાયને વિશ્વનો છેલ્લો શુદ્ધ હન્ટર ગેદરર આદિજાતિ માનવામાં આવે છે. ફેમસ ટ્રાવેલ ઇન્ફ્લુએન્સર ડ્રુ બિન્સ્કીએ તેમની સાથે ત્રણ દિવસ વિતાવ્યા અને યુટ્યુબ પર "I Spent 3 Days With World's Last Hunter-Gatherer Tribe" ટાઇટલનો વીડિયો શેર કર્યો, જેને હવે લાખો વ્યૂઝ મળ્યા છે.

વીડિયોમાં બિન્સકીએ કહ્યું કે આ લોકો કેવી રીતે ધનુષ્ય અને તીરથી શિકાર કરે છે, મધમાખીના છત્તા કાઢે છે અને જંગલી પ્રાણીઓનું માંસ ખાય છે. આ ત્રણ અનોખી પરંપરાઓ છે જેને હાડઝા ક્યારેય છોડશે નહીં. હાડઝાનું જીવન સંપૂર્ણપણે પ્રકૃતિ પર આધારિત છે. તેઓ કાયમી ઘરો બનાવતા નથી, પરંતુ જંગલમાં ફરતા રહે છે. લોકો તેમના રોજિંદા જીવનને જોઈને ચોંકી જાય છે. સવારે ઊઠતાની સાથે જ પુરુષો તેમના ધનુષ્ય અને તીર ઉપાડીને શિકાર કરવા નીકળી પડે છે. બાકીનો દિવસ શિકાર શોધવામાં વિતાવે છે.



તેઓ આઠ કલાકના મુશ્કેલ શિકાર દરમિયાન બબૂન અને બીજા નાના પ્રાણીઓનો કેવી રીતે પીછો કરે છે. તેમના ધનુષ્ય લાકડા અને સિન્યુથી બનેલા હોય છે, અને તેમના તીર ઝેરી છોડથી કોટેડ હોય છે. જો શિકાર સફળ થાય છે, તો માંસને આગ પર શેકીને ખાવામાં આવે છે. સ્ત્રીઓ મૂળ, ફળો અને બેરી એકત્રિત કરે છે, જે તેમના આહારનો 70% ભાગ છે. અહીં કોઈ બજાર નથી, કે કોઈ ચલણ નથી; બધું જંગલમાંથી લેવામાં આવે છે.

બીજી એક અનોખી પરંપરા મધ ચોરી કરવાની છે. હાડઝા લોકો ધુમાડાથી મધમાખીઓના મધપૂડા તોડી નાખે છે. તેઓ લાંબા વાંસની લાકડીઓથી મધપૂડા તોડીને મધ કાઢે છે. આ કામ એટલું ખતરનાક છે કે ક્યારેક મધમાખીઓ તેમના પર હુમલો કરે છે. પરંતુ તેમના માટે, તે જીવનનો એક ભાગ છે. ત્રીજી પરંપરા તેમની ભાષા છે, જેને હજાને કહેવાય છે. તે એક ક્લિક ભાષા છે, જ્યાં ક્લિક અવાજો દ્વારા શબ્દો રચાય છે. તેનું કોઈ લેખિત સ્વરૂપ નથી અને તે ફક્ત બોલાય છે. આ ભાષા વિશ્વની 3% ક્લિક ભાષાઓમાંની એક છે, અને તે આફ્રિકન મૂળની છે. હાડઝા જાતિ 50,000-60,000 વર્ષ જૂની હોવાનું માનવામાં આવે છે. ડીએનએ અભ્યાસ દર્શાવે છે કે તેઓ આધુનિક માનવોના સૌથી નજીકના વંશજો છે. તેઓ તાંઝાનિયાના એન્ગારુકા પ્રદેશમાં રહે છે, જ્યાં લાલ માટી અને એક્રોબેટિક ઝાડીઓ છે. તેમનો કોઈ ચીફ કે નેતા નથી, પરંતુ નિર્ણયો સામૂહિક રીતે લેવામાં આવે છે. બાળકો 3-4 વર્ષની ઉંમરે શિકાર કરવાનું શીખે છે.